જ્ઞાનનું વૃક્ષ આપણને વૃધ્ધાવસ્થામાં છાયડો અને વિસામો આપે છે
- ચેસ્ટર ફિલ્ડ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૭ ૬ જાન્યુઆરી, ૨૦૧૩, રવિવાર; માગશર વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# 'ખ'-'ગ' માર્ગ પર ભારે વાહનો પર પ્રતિબંધ

## ખ-૦ થી ખ-૭ સુધી ૭ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન સ્થાનિક રહીશો અને સરકારી વાહનો સિવાય કોઈ અવરજવર નહિ કરી શકે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ખાતે આગામી ૧૧ થી ૧૩ જાન્યુઆરીના રોજ યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ ખ-રોડ અને ગ-રોડ ઉપર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાદતુ જાહેરનામુ જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપ દ્વારા જારી કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર શ્રી વી. સ્વરૂપે આજે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) અન્વયે તા. ૭મી જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી ખ-૦ થી ખ-૭ સુધીના માર્ગ પર ખાનગી વાહનોના પ્રવેશ પર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ બહાર પાડેલા જાહેરનામામાં જણાવાયું છે કે પોલીસ અધિક્ષક શ્રી તરફથી તા. ૫-૧-૨૦૧૩ના પત્રની વિગતોને ધ્યાને લઈ ખ-૦ થી ખ-૭ સુધીના રોડ ઉપરથી સ્થાનિક રહીશોના વાહનો, વાયબ્રન્ટ સમિટના આમંત્રિતોના વાહનો અને સરકારી વાહનો સિવાયના ખાનગી તેમજ તમામ વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

હાલમાં ગાંધીનગર શહેરમાં ભારે વાહનોના પ્રવેશ અંગેનો પ્રતિબંધનો અમલ ચાલુ છે. તેમ છતાં હાલમાં મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ના અંતર્ગત વિવિધ કાર્યક્રમો તથા વી.વી.આઈ.પી. શ્રીઓના અવરજવર ખ રોડ પરથી રહેવા પામતો હોઈ જેઓની સલામતિને ધ્યાને લઈ આ પ્રતિબંધના હુકમો જારી કરવામાં આવ્યા છે.

આ જાહેરનામાના અમલ માટે માર્ગો પર ખાસ સાઈન બોર્ડ લગાવવા માટે પાટનગર યોજનાને આદેશ પણ આપવામાં આવ્યો છે.

વાયબ્રન્ટ સમીટને લઈ શહેરમાં એક સાથે બે માર્ગો ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા હોવાથી વાહન-ચાલકોને હવે ગાંધીનગરમાં પ્રવેશ કરવો મુશ્કેલ બનશે.

દરમ્યાન શહેરના વિવિધ સર્કલો પર પણ આજથી વાહન ચેકિંગની કામગીરીનો આરંભ કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટને લઈ અગાઉ ૧૯ જેટલા જાહેર પાર્કિંગના સ્થળો બનાવવામાં આવ્યા છે જે ઉલ્લેખનીય છે. વાયબ્રન્ટ સમીટમાં ૮મીથી ગ્લોબલ ટ્રેડ ફેરનો પ્રારંભ થઈ રહ્યો છે. જે ૧૩મી સુધી ચાલશે જ્યારે સમીટનો પ્રારંભ ૧૧મી જાન્યુઆરીથી થનાર છે.



વાયબ્રન્ટ સમિટને લોખંડી સુરક્ષા - ગાંધીનગરમાં વર્લ્ડ ટ્રેડ ફેર અને વાયબ્રન્ટ સમિટના મહત્વકાંક્ષી કાર્યક્રમોને પગલે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ રહ્યું છે. અભેદ સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ તંત્ર ખડેપગે રહેશે. દેશભરના ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ગાંધીનગર આવી રહ્યા છે ત્યારે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તેની તમામ સ્તર પર કાળજી લેવાઈ રહી છે.

# ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનમાં વિક્રમી વાવેતર

## ત્રણ વર્ષ બાદ ઘઉંના વાવેતરમાં નોંધપાત્ર વધારો
## શાકભાજી અને ઘાસચારાના પાકના વાવેતરમાં પણ વૃદ્ધિ

ગાંધીનગર, તા. ૫

જિલ્લામાં અનિયમિત ચોમાસા પછી શિયાળાની મોસમ જામતાં આ વર્ષે રવિ સિઝનનું વિક્રમી વાવેતર થવા પામ્યું છે. આજ સુધીમાં જિલ્લામાં ૬૩,૨૬૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે અને આંક ૬૫ હજાર હેક્ટર સુધી પહોંચશે તેવો અંદાજ જિલ્લાના ખેતી તંત્રને છે.

આ રવિ સીઝન દરમ્યાન જિલ્લામાં ત્રણ વર્ષના ગાળા બાદ ૩૨ હજાર હેક્ટરમાં ઘઉંનું વાવેતર થવા પામ્યું છે જે એક વિક્રમ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧ હજાર હેક્ટરમાં આ વાવેતર થઈ ચુક્યુ છે અને હજુ પણ કેટલાક વિસ્તારમાં ઘઉંનું વાવેતર થઈ રહ્યાના અહેવાલો છે.

શિયાળાની ઠંડીએ જોર પકડતાં મોડી શરૂ થયેલી વાવણી પણ રંગ લાવી છે. આ વખતે બટાટાનું વાવેતર પણ ૭ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં થયું છે. આ સાથે શાકભાજીના વાવેતર વિસ્તારમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

જિલ્લામાં રાઈનું વાવેતર ૨૭૦૦ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૧૪૭૮ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૫૪૫૩ હેક્ટરમાં નોંધાયું છે. જો કે ઘાસચારાનું વાવેતર પણ બે હજાર હેક્ટરમાં નોંધાતાં પશુપાલકોને રાહત થઈ છે. રજકાનું વાવેતર ૧૧,૭૨૩ હેક્ટરમાં થયું છે.

જિલ્લામાં સામાન્યતઃ રવિ સીઝનનું વાવેતર ૫૮ થી ૬૦ હજાર હેક્ટરમાં નોંધાતુ હતુ પરંતુ પાછોતરો વરસાદ સારો થતાં જમીનમાં ભેજનું તત્વ વધુ હોવાથી રવિ સીઝનમાં સારૂ વાવેતર થયું છે. જિલ્લામાં ઠંડીએ છેલ્લા ૧૦ દિવસથી પણ જોર જમાવતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# વાયબ્રન્ટ સમિટમાં ૧૨૨થી વધુ ઈવેન્ટ્સ

## વિચારોના આદાન-પ્રદાન દ્વારા બિઝનેસના ફાયદા લેવાનો કન્સેપ્ટ ઈનોવેશન, યુવાનોનો કૌશલ્ય વિકાસ, નોલેજ શેરીંગ અને નેટવર્કિંગ : સીએમ લોન્જમાં ધોલેરા અને બેચરાજી સહિતના ભાવિ શહેરોના મોડલ મૂકાશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૫

ગુજરાતની છઠ્ઠી વાયબ્રન્ટ સમિટમાં આ વખતે મૂડીરોકાણ ઉપરાંત નોલેજ શેરીંગનો મહત્વનો કન્સેપ્ટ રાખવામાં આવ્યો છે જેના કારણે વિચારોના આદાન-પ્રદાનથી બિઝનેસમાં લાભ લઈ શકાશે. વ્યૂહાત્મક ભાગીદારીમાં જ્ઞાનના પ્રદાન માટે ૧૨૨થી વધુ ઈવેન્ટ યોજાવાની છે, જ્યારે વિશ્વભરની ૧૧૫ યુનિવર્સિટીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે કોન્ફરન્સ થશે.



ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ મહેશ્વર શાહુએ જણાવ્યું હતું કે આ વખતની વાયબ્રન્ટ સમિટ દેશમાં આ પ્રકારે યોજાતા કોઈપણ સમારંભ કરતાં વ્યાપક પ્રમાણમાં યોજાઈ રહી છે જેમાં ઈનોવેશન, વિકાસનું સાતત્ય, યુવા અને કૌશલ્ય વિકાસ, જ્ઞાનનું આદાન-પ્રદાન અને નેટવર્કિંગ જેવા નવતર વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

૨૦૧૩ની વાયબ્રન્ટમાં ૨૫ હજાર કરતાં વધારે ડેલીગેટ્સની નોંધણી થઈ ચૂકી છે. ઈવેન્ટ્સમાં ૩૭૮ ડોમેસ્ટીક અને ૬૬ ઈન્ટરનેશનલ સ્પીકર ભાગ લેવાના છે. મહત્વની બાબત એવી છે કે ગાંધીનગરમાં ૧૩૪ ફોરેન, ૫૨ ઈન્ડિયન અને ૬૩ જેટલી ગુજરાતની યુનિવર્સિટીઓ વચ્ચે નોલેજ કોન્ફરન્સ થશે, જે ભાવિ પેઢી માટે મહત્વની માનવામાં આવે છે.

મહેશ્વર શાહુએ જણાવ્યું હતું કે આ ઈવેન્ટ્સ રાષ્ટ્રની વર્તમાન જરૂરિયાત અને ગ્લોબલ બિઝનેસ તથા આર્થિક-સામાજીક વાતાવરણને ધ્યાનમાં રાખીને યોજવામાં આવ્યા છે. ખાસ કરીને ગામડાના શહેરીકરણ, કંપનીઓના ગ્રીન રેટીંગ, સસ્ટેનેબીલિટી, ગ્રીન ઈનોવેશન અને ગુડ ગવર્નન્સ અંગે પેનલ ચર્ચાઓ થશે.

વાયબ્રન્ટના મોટાભાગના કાર્યક્રમોની શરૂઆત ૭મી જાન્યુઆરીથી કરવામાં આવશે જે ૧૩મી જાન્યુઆરી સુધી ચાલશે. મહાત્મા મંદિરમાં સીએમ લોન્જમાં આ વખતે ગુજરાતના ભાવિ શહેરો કેવા હશે તેના મોડલ મૂકાશે. શાહુએ જણાવ્યું હતું કે ધોલેરા, બેચરાજી અને દરિયા કિનારાના શહેરોનો તેમાં સમાવેશ કરાશે. અત્યાર સુધીમાં બી ટુ બી માં ૧૫૦૦ અને બી ટુ જી માં ૪૪૪ બેઠકોનું કન્ફર્મેશન આવી ગયું છે. સમિટમાં ૧૮ થી વધુ કન્ટ્રી સેમિનારો યોજાવાના છે.

**ફ્રી આયુર્વેદ સ્કીન ક્લીનીક**

ખરજવું (એક્ઝિમા - ECZEMA)ના દર્દીઓ માટે

**મફત નિદાન તથા મફત સારવાર**

ડો. હિતેષ એ. ચૌહાણ
આયુર્વેદ કન્સલ્ટન્ટ
ચામડીના રોગોના અનુભવી વૈદ્ય

તા. ૧૭/૧/૨૦૧૩થી
તા. ૧૮/૪/૨૦૧૩ સુધી
દર ગુરૂવારે સવારે ૮ થી ૧૦ દરમિયાન મળશે

વધુ માહિતી તથા જાણકારી માટે ડો.શ્રીનો સંપર્ક મો. ૯૬૦૧૬૯૬૦૮૬

સ્થળ : ડો. જસવંતસિંહ રાઠોડ સાહેબનું દવાખાનું
બી/૨૦૭, બીજો માળ, રાધે કોમ્પલેક્ષ, SBIની ઉપર,
ગાંધીનગર-કુડાસણ સર્વિસ રોડ, ગાંધીનગર




